જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૮/૨૦૧૪ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૬૫/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૮ કેસ કરી ૫૫ વ્યક્તિઓને ઝડપી ૪૮૦ લીટર દેશી દારૂ, ૩૩ બોટલ ઇગ્લીશ દારૂ, ૨૮૮ બિયર ટીન અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૧ કેસ કરી ૧ વ્યક્તિને ઝડપી અને જુગારનાં સાધનો કબ્જે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૬૬/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૮ વ્યક્તિઓની તેમજ પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૨૧૬૭/૧૪**

**કાલુપુરઃ** રવિ રાજનારાયણ મહેશ ( રહે.સહજ સોલીટર ગુપ્તાનગર એપીએમસી માર્કેટની બાજુમાં વાસણા) એ તા.૨૨/૮/૧૪ નારોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સામવેદ સ્ટીલ પ્રાઈવેટ આશીમા કોમ્પલેક્ષ કડી મહેસાણાના ડાયરેક્ટર (૧) શૈલેશભાઈ વિનુભાઈ શાહ (૨) નીતાબહેન શૈલેશભાઈ શાહ (બન્ને રહે.નીલકંઠ બંગલોઝ પ્રહલાદનગર વેજલપુર) એ પંજાબ એન્ડ સીંધ બેન્ક પાસેથી લીધેલ ક્રેડીટ ફેસીલીટી નાણાનો સ્ટોક તથા દેણદારના નાણા બેન્કમાં નહી જમા કરાવી બેન્ક પાસેથી હાઈપોથી કેશન સિક્યુરીટી તરીકે રાખેલ સ્ટોક વેચી નાખી બારોબાર નાણા ૮,૦૯,૦૩,૨૫૦/- મેળવી લઈ છેતરપીંડી કરી છે.આ અંગેની તપાસ પો.ઈ.શ્રી એન વી ગામીત ચલાવે છે.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૨૧૬૮/૧૪**

**ગાયકવાડ હવેલી :** ઇરમ સોકતભાઇ ખેરાદવાલા (ઉ.વ.૧૬)(રહે.સીરાવાલાની ચાલી, ખારાવાલાનું ડહેલુ, પાંચપીપળી, જમાલપુર) ને તા.૨૧/૮/૧૪ કલાક ૭/૦૦ થી ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘર નજીકથી આરોપી મોહસીન હારૂનભાઇ મુન્સી (રહે.ઇસ્માઇલપીરની ગલી પાસે, ચામડીયાવાસ, જમાલપુર) લલચાવી ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ ઇરમ ની માતા સલમાબાનુ ખેરાદવાલાએ તા.૨૨/૮/૧૪ નારોજ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.આઇ.સિસોદીયા ચલાવે છે.

**<u>ઘરફોડ :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૧૬૯/૧૪</u>**

**વેજલપુર :** રેખાબહેન ચંદ્રકાંતભાઇ ઠક્કર (રહે.સહજાનંદ ટાવર, જીવરાજપાર્ક, વેજલપુર) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૮/૧૪ સવારના ૧૦/૪૫ વાગ્યાના સુમારે ત્રણ અજાણ્યા પુરૂષ પોતાના ઘરના દરવાજાનું તાળુ તોડી ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના તથા બીજી કિંમતી વસ્તુઓ મળી કુલ કિંમત રૂપિયા ૮૪,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.બી.મીર્ઝા ચલાવે છે.

**<u>વાહન ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૧૭૦/૧૪</u>**

**બાપુનગર :** રમેશભાઈ કચરાભાઈ ઠડીયા (રહે, ગુ.હા.બોર્ડ, બાપુનગર) એ તા.૨૨/૮/૧૪ નારોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૮/૧૪ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીક પોતાની ઓટોરીક્ષા નંબર જીજે ૧ બી.વાય.૯૦૯૫ કિમત રૂપિયા ૪૦,૦૦૦/- પાર્ક કરેલ હતી. જેની તા.૧૭/૮/૧૪ કલાક ૧/૦૦ વાગ્યા દરમ્યાન કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી ગુલાબસિંહ રૂપસિંહ ચલાવે છે.

**નારણપુરા :** વિનોદભાઈ શાંતિલાલ મહેતા (રહે,વિજયનગર ફ્લેટ, પેટ્રોલ પંપ પાસે, નારણપુરા) એ તા.૨૨/૮/૧૪ નારોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૮/૧૪ રાતના ૦૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીક પોતાની મારુતી અલ્ટો ગાડી નંબર જીજે ૧ એચ.કે.૪૫૦૧ કિમત રૂપિયા ૮૫,૦૦૦/- પાર્ક કરેલ હતી. જેની સવારનાં ૭/૩૦ વાગ્યા દરમ્યાન કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વાય.એસ. રાઓલ ચલાવે છે.

**નરોડા :** ખેમચંદ મોહનદાસ લઘાણી (રહે,મુખીમાયા રામગલી મોદી બજાર, ઠક્કરનગર, નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૮/૧૪ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીક પોતાની મેક્સ પીકઅપ જીપ નંબર જીજે ૪ વાય.૧૨૮૫ કિમત રૂપિયા ૨,૫૦,૦૦૦/- પાર્ક કરેલ હતી. જેની સાંજનાં ૭/૪૫ વાગ્યા દરમ્યાન કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જે.ચૌધરી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.